પ્રવૃત્ત મુકુન્દમુનિને જોઈ, 'તમે ભણીને શું મુશળને ફૂલ લગાવશો ?' એમ ટીકા કરનાર વાચાળ વ્યક્તિનું મુખ બંધ કરી દીધું.

વાદગોષ્ઠીઓમાં મુકુન્દમુનિ સર્વત્ર દુર્જેય બન્યા. અપ્રતિમલ્લવાદીના રૂપમાં તેમનો મહિમા ફેલાયો. સર્વ પ્રકારે યોગ્ય સમજી વાદજયી વૃદ્ધવાદીને આચાર્ય સ્કંદિલે પોતાના ઉત્તરાધિકારી તરીકે તેમને સ્થાપન કર્યા. આચાર્ય સ્કંદિલના સ્વર્ગવાસ પછી આચાર્ય વૃદ્ધવાદીનો શાસ્ત્રાર્થ વડોદરા પાસેના તરસાલી ગામે થયેલા સંસ્કૃત ભાષાના વિદ્વાન સિદ્ધસેન સાથે થયો. તે વાદ બહુ પ્રસિદ્ધ છે. આ શાસ્ત્રાર્થમાં વિજયી બની આચાર્ય વૃદ્ધવાદીએ સિદ્ધસેનને પોતાનો શિષ્ય બનાવ્યો. વૃદ્ધાવસ્થામાં દીક્ષિત મુનિ મુકુન્દ વાદકુશળ આચાર્ય થવાના કારણે વૃદ્ધવાદી તરીકે પ્રસિદ્ધ થયા અને જૈનધર્મની મહાન પ્રભાવના કરી.

શ્રી વૃદ્ધવાદી અનુયોગધર આચાર્ય સ્કંદિલના શિષ્ય હતા અને મહાન તાર્કિક આચાર્ય સિદ્ધસેન દિવાકરના ગુરુ હતા. આચાર્ય સ્કંદિલની વાચના વીરનિર્વાણ સં. ૮૨૭ થી ૮૪૦માં પ્રમાણિત થઈ છે. આચાર્ય સિદ્ધસેન દિવાકરનો સમય વિક્રમની પાંચમી સદી છે. આચાર્ય વૃદ્ધવાદી એ બંનેના મધ્યવર્તી સમયના વિદ્વાન શ્રમણપ્રવર હતા.

### રાજા વિક્રમાદિત્યની રાજસભાના સમર્થ વિદ્વાન અને રાજમાન્ય આદરણીય ગુરુ, સુવર્ણસિદ્ધિની વિદ્યા પ્રાપ્ત કરનાર, 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના રચયિતા, મહાન દાર્શનિક, વાદજયી, શ્રુતકેવલી તુલ્ય, સરસ્વતીકંઠાભરણ

## આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજ

(ઉચ્ચ કોટિના સાહિત્યકાર, દિગ્ગજ વિદ્વાન, પ્રકૃષ્ટ વાદી શ્રી સિદ્ધસેન દિવાકર શ્વેતાંબર પરંપરાના પ્રભાવક આચાર્ય છે. તેમનાં ઉદાર વ્યક્તિત્વ, સૂક્ષ્મ ચિંતનશક્તિ અને ગંભીર દાર્શનિક વિચારોએ જૈનશાસનને સમૃદ્ધિ બક્ષી છે. પરિણામે શ્વેતાંબર અને દિગંબર—બંને પરંપરાના વિદ્વાનોએ પોતપોતાના ગ્રંથોમાં આદરપૂર્વક આચાર્યશ્રી સિદ્ધસેનનું સ્મરણ કર્યું છે.) કલિકાલ-સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિનું મસ્તક આચાર્ય સિદ્ધસેનની પ્રતિભા સામે ઝૂકી ગયું છે. તેમણે અયોગવ્યવચ્છેદિકામાં કહ્યું છે કે—'**क्व सिद्धसेनस्तुतयो महार्था, अशिक्षितालाप कला क्व चैषा ॥ ३ ॥**—સિદ્ધસેનની મહાન ગૂઢાર્થક સ્તુતિઓ સામે મારી જેવી વ્યક્તિનો પ્રયાસ અશિક્ષિત વ્યક્તિનો આલાપમાત્ર છે.' હેમશબ્દાનુશાસનમાં શ્રી હેમચંદ્રાચાર્યે **उत्कृष्टेऽनूपेन** ૨–૨–૩૯ સૂત્રની વ્યાખ્યામાં '**अनुसिद्धसेनं कवयः**' કહીને અન્ય કવિઓને શ્રી સિદ્ધસેનસૂરિના અનુગામી સિદ્ધ કર્યા છે.

શ્રી હરિભદ્રસૂરિએ પંચવસ્તુમાં કહ્યું છે કે—

**सुयकेवलिणा जओ भणियं—**

**आयरियसिद्धसेणेण सम्मइए पइट्ठियजसेणं ।**

**दुस्समणिसा-दिवाकर कप्पतरूओ पयक्खेणं ॥ १४०८ ॥**

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી હરિભદ્રસૂરિએ પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરને દુષ્ષમ કાળરાત્રિમાં દિવાકરની સમાન પ્રકાશક માન્યા છે અને શ્રુતકેવલીતુલ્ય સન્માન આપ્યું છે.

'હરિવંશપુરાણ'ના કર્તા આચાર્ય જિનસેન લખે છે કે—

जगत्प्रसिद्धबोधस्य वृषभस्येव निस्तुषाः ।
बोधयंति सतां बुद्धिं सिद्धिसेनस्य सूक्तयः ।।

અર્થાત્, શ્રી ઋષભદેવની સૂક્તિઓ સમાન શ્રી સિદ્ધસેનની સૂક્તિઓ સજ્જનોની બુદ્ધિનો વિકાસ કરે છે.

રાજવાર્તિકના કર્તા ભટ્ટ અકલંક, સિદ્ધિવિનિશ્ચયના અનંતવીર્ય, પાર્શ્વનાથચરિત્રના કર્તા વાદિરાજસૂરિ આદિ દિગંબર વિદ્વાનો તથા પ્રકાંડ વિદ્વાન વાદિદેવસૂરિ, શ્રી પ્રભાચંદ્રાચાર્ય, અગમ-ચરિત્રના રચનાકાર શ્રી મુનિચંદ્રસૂરિ, શ્રી પ્રદ્યુમ્નસૂરિ વગેરેએ શ્રી સિદ્ધસેન દિવાકરની અસાધારણ પ્રતિભાનાં બે મોંએ વખાણ કર્યાં છે.

શ્રી સિદ્ધસેન બ્રાહ્મણવંશ અને કાત્યાયન ગોત્રના હતા. તેમનો જન્મ ઉજ્જયિનીમાં થયો હતો. પિતાનું નામ દેવર્ષિ અને માતાનું નામ દેવશ્રી હતું. તે વખતે ઉજ્જયિનીમાં વિક્રમાદિત્યનું રાજ હતું. દેવર્ષિ રાજમાન્ય બ્રાહ્મણ હતા. સિદ્ધસેન યુવાનવયે અવન્તિના પ્રકાંડ વિદ્વાન બન્યા. તેમને વૈદિક દર્શનનું વિશદ જ્ઞાન હતું. ન્યાય, વૈશેષિક, સાંખ્ય આદિ દર્શનો પર પણ આધિપત્ય હતું. તેમને પોતાના પાંડિત્ય પર ખૂબ જ અભિમાન હતું. તે પોતાને અપરાજેય માનતા અને તેમનાથી શાસ્ત્રાર્થમાં હારનાર તેમના શિષ્ય બને એવી ટેક લઈ અનેક પંડિતોને હરાવી પોતાના શિષ્ય બનાવ્યા હતા.

એક વખત આચાર્ય વૃદ્ધવાદીએ અવંતિ તરફ વિહાર કર્યો. તેમને સર્વ વિદ્યા સિદ્ધ હતી. માર્ગમાં પંડિત સિદ્ધસેનનું આચાર્ય વૃદ્ધવાદી સાથે મિલન થયું. પરસ્પર વાર્તાલાપ દ્વારા એકબીજાનો પરિચય થયો. સિદ્ધસેને તેમની સાથે શાસ્ત્રાર્થ કરવાનો પ્રસ્તાવ મૂક્યો. આચાર્ય વૃદ્ધવાદી વિદ્વાનોની સભામાં શાસ્ત્રાર્થ કરવા ઇચ્છતા હતા, પરંતુ સિદ્ધસેન ત્યાં જ શાસ્ત્રાર્થ કરવા ઉત્સુક હતા તેથી શ્રી વૃદ્ધવાદીએ તેમનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. આ અંતરિયાળ માર્ગે ગોવાળિયાઓ સિવાય કોઈ ન હતું. તેઓને મધ્યસ્થી રાખી શાસ્ત્રાર્થ શરૂ થયો. પ્રથમ વક્તવ્ય પંડિત સિદ્ધસેને આપ્યું. સંસ્કૃત ભાષામાં ધારાબદ્ધ બોલતા ગયા. ગોવાળો તેમનો એક પણ શબ્દ સમજી ન શક્યા. તેઓ ઊંચાં મોં કરી બોલ્યા કે—"પંડિત! તમે ક્યારથી ઘણો પ્રલાપ કરી રહ્યા છો. તમારાં કર્ણકટુ વચનો અમારા માટે અસહ્ય છે. માટે બંધ કરો અને આમને બોલવા દો."

પછી આચાર્ય વૃદ્ધવાદી ઊભા થયા. તેમની પ્રતિપાદનશૈલી સરળ હતી. વાણીમાં મીઠાશ હતી. તેમણે વક્તવ્યનો આરંભ કર્યો. ગોવાળોને સંબોધન કરી મધુર શબ્દોમાં પ્રથમ પૂછ્યું કે—"ભાઈઓ! તમારા ગામમાં કોઈ સર્વજ્ઞ છે કે નહિ?" ગોવાળો બોલ્યા કે—"અમારા ગામમાં એક જૈન ચૈત્ય છે, તેમાં એક વીતરાગ સર્વજ્ઞ વિરાજમાન છે." તેઓના આ ઉત્તરની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે જ સર્વજ્ઞનિષેધસિદ્ધિ પર સિદ્ધસેને આપેલું પાંડિત્યપૂર્ણ પ્રવચન ગોવાળોની દૃષ્ટિમાં વ્યર્થ સિદ્ધ થયું. તે પછી વૃદ્ધવાદીએ યુક્તિપૂર્વક સર્વજ્ઞત્વ સાબિત કર્યું. સર્વજ્ઞસિદ્ધિ પછી વૃદ્ધવાદી કર્ણપ્રિય ઘિંદણી છંદમાં નૃત્યમુદ્રામાં બોલ્યા કે—"નવિ મારિયઇ, નવિ ચોરિયઇ, પરદારહ ગમણુ નિવારિયઇ; થોવા થોવં દાઇયઇ સગ્ગિ ટુકુ ટુકુ જાઇયઇ. (પ્રબંધકોષ)." (હિંસા ન કરવાથી, ચોરી ન કરવાથી, પરદારાસેવન ન કરવાથી, થોડામાંથી થોડું આપવાથી ધીમે ધીમે સ્વર્ગમાં જવાય છે.) અને "કાલઉ કંબલુ અનુની ચાટુ છાસિહિ ખાલડુ ભરિઉ નિપાડુ, અઇ વડુ પડિયઉ નીલઇ આડી અવર કિ સરગટ સિગ નિલાડિ. (ઠંડી દૂર કરવા માટે કાળી કાંબળ પાસે હોય, હાથમાં અરણીની લાકડી હોય, છાશથી ભરેલું માટલું હોય તો એનાથી મોટું સ્વર્ગ કયું?)"

સરળ અને મધુર ગ્રામભાષામાં આચાર્ય શ્રી વૃદ્ધવાદીએ કરેલ સ્વર્ગની વ્યાખ્યા સાંભળી ગોવાળો જય જય શબ્દનો ઘોષ કરી નાચી ઊઠ્યા અને તેમણે કહ્યું કે—"વૃદ્ધવાદી સર્વજ્ઞ છે. કાનને સુખ આપનાર ઉપદેશ બોલનાર છે. સિદ્ધસેન અર્થહીન બોલનાર છે." આમ, ગોવાળોની સભામાં આચાર્ય વૃદ્ધવાદી વિજયી થયા. તેમણે પાંડિત્યનું પ્રદર્શન કર્યા વિના વખત વરતીને કામ કર્યું. સમયજ્ઞ સર્વજ્ઞ હોય છે. આથી વૃદ્ધવાદીની આગળ પોતાને અલ્પજ્ઞ માની પંડિત સિદ્ધસેને પોતાની પૂર્વ પ્રતિજ્ઞા પ્રમાણે તેમનું શિષ્યત્વ સ્વીકાર્યું. આચાર્ય વૃદ્ધવાદીસૂરિએ તેમને દીક્ષા આપી શિષ્ય બનાવ્યા. તેમનું દીક્ષા નામ કુમુદચંદ્ર રાખવામાં આવ્યું. મુનિ કુમુદચંદ્ર પહેલાં પણ વેદ–વેદાંગ–પુરાણના મહાપંડિત હતા, તેમાં ગુરુદેવ પાસે જિનાગમનો ઊંડો અભ્યાસ વિનીતભાવે કરતાં 'વિદ્યા વિનયેન શોભતે' મુજબ તેમની પ્રતિભા ઓર ઝળકી ઊઠી. શ્રી વૃદ્ધવાદીસૂરિ પણ આવા ઉત્તમ શિષ્યને પ્રાપ્ત કરી પ્રસન્નતા પામ્યા. જૈનશાસનની સાર્વભૌમ પ્રભાવના કુમુદચંદ્રથી સંભવિત છે એમ સમજી એક દિવસ શ્રી વૃદ્ધવાદીસૂરિએ તેમને આચાર્યપદથી અલંકૃત કરી પૂર્વેનું 'સિદ્ધસેનસૂરિ' એવું નામ જાહેર કર્યું.

આચાર્યશ્રી વૃદ્ધવાદીએ ત્યારબાદ શ્રી સિદ્ધસેનસૂરિને સ્વતંત્ર વિચરવાનો આદેશ આપી પોતે બીજે સ્થાને વિહાર કર્યો. પ્રખર વિદ્વત્તાના કારણે આચાર્યશ્રી સિદ્ધસેનના સાન્નિધ્યે પણ અપૂર્વ શાસનપ્રભાવના પ્રવર્તવા લાગી.

એક વાર આચાર્ય સિદ્ધસેનસૂરિ ચિત્રકૂટ (ચિત્તોડગઢ) પધાર્યા. ત્યાં તેમણે વિવિધ ઔષધિઓના ચૂર્ણથી બનેલો એક સ્તંભ જોયો. પ્રતિપક્ષી ઔષધિઓનો પ્રયોગ કરી આચાર્ય સિદ્ધસેને તેમાં એક છિદ્ર કર્યું. સ્તંભમાં હજારો પુસ્તકો હતાં. ઘણો પ્રયત્ન કર્યા પછી એ છિદ્રમાંથી તેમને એક જ પુસ્તક મળ્યું. તે પુસ્તકનું પ્રથમ પૃષ્ઠ વાંચવાથી જ તેમને સર્ષપમંત્ર (સૈન્યસર્જનવિદ્યા) અને સુવર્ણસિદ્ધિયોગ નામની બે મહાન વિદ્યાઓ પ્રાપ્ત થઈ. સર્ષપવિદ્યાથી માંત્રિક દ્વારા જળાશયમાં નાખેલા સરસવનાં કણોના અનુપાતથી ચોવીશ પ્રકારના ઉપકરણસહિત સૈનિકો નીકળતા હતા અને પ્રતિપક્ષીઓનો પરાભવ કરી ફરી જળમાં અદૃશ્ય થઈ જતા હતા. સુવર્ણવિદ્યાથી માંત્રિક કોઈપણ ધાતુને સહજપણે સોનામાં પરિવર્તિત કરી શકાતી હતી. આ બંને વિદ્યાઓની પ્રાપ્તિથી આચાર્ય સિદ્ધસેનના મનમાં ઉત્સુકતા વધી. તેઓ પૂરું પુસ્તક વાંચી લેવા ઉત્સુક હતા, ત્યાં દેવીએ આવીને તેમના હાથમાંથી પુસ્તક ખેંચી લીધું અને તેમના મનની ઇચ્છા પૂર્ણ ન થઈ શકી.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર બાદ આચાર્ય સિદ્ધસેને ત્યાંથી ચિત્રકૂટની પૂર્વ દિશામાં પ્રયાણ કર્યું. તેઓ વિહાર કરતાં કરતાં કૂર્માર દેશમાં પહોંચ્યા. તે વખતે કૂર્માર દેશનો રાજા દેવપાલ હતો. આચાર્ય સિદ્ધસેન પાસે ધર્મનો બોધ પામી તે તેમનો પરમ ભક્ત બની ગયો. રાજસન્માન પામી આચાર્ય સિદ્ધસેનનું મન મુગ્ધ બન્યું અને તેઓ ત્યાં જ રહેવા લાગ્યા. આ સમયે રાજા દેવપાલની સામે પરચક્રનો ભય ઉપસ્થિત થયો. કામરૂપ (આસામ) દેશના રાજા વિજય વર્માએ સૈન્ય સાથે કૂર્મારદેશ પર આક્રમણ કર્યું. રાજા દેવપાલના સૈન્યને તેમની સામે ટકવાનું કઠિન થઈ પડ્યું. આચાર્ય સિદ્ધસેનની પાસે રાજા દેવપાલે પોતાની પરિસ્થિતિ પ્રગટ કરી અને કહ્યું કે—"ગુરુદેવ! હવે આપનો જ આશ્રય છે." રાજા દેવપાલને ધૈર્ય આપતાં આચાર્ય સિદ્ધસેને કહ્યું કે—"રાજન્! ચિંતા ન કરો. હું જેનો મિત્ર હોઉં તેનો જ વિજય હોય." સિદ્ધસેન પાસેથી સાંત્વન મેળવી દેવપાલ પ્રસન્ન થયો. શત્રુનો પરાભવ કરવામાં તેમને આચાર્યશ્રી સિદ્ધસેનનો સહયોગ મળ્યો.

યુદ્ધની સંકટકાલીન સ્થિતિ વખતે આચાર્ય સિદ્ધસેને 'સુવર્ણસિદ્ધિયોગ' વિદ્યાથી પુષ્કળ ધન ઉત્પન્ન કર્યું. સર્ષપમંત્રના પ્રયોગથી વિશાળ સંખ્યામાં સૈન્ય નિર્માણ કર્યું. યુદ્ધમાં દેવપાલનો વિજય થયો. વિજય પ્રાપ્ત થયા પછી રાજા દેવાપાલે આચાર્યશ્રી સિદ્ધસેનસૂરિએ કહ્યું કે—"ભવતારક ગુરુદેવ! હું શત્રુથી ઉપસ્થિત થયેલા ભયરૂપી અંધકારમાં ભ્રાંત થયો હતો. આપે સૂર્યની જેમ મારા માર્ગને પ્રકાશિત કર્યો. આથી, હવે પછી આપની પ્રસિદ્ધિ 'દિવાકર' નામથી થાઓ." ત્યારથી આચાર્ય સિદ્ધસેનના નામની સાથે દિવાકર વિશેષણ જોડવામાં આવ્યું. તેઓ લોકમાં સિદ્ધસેન દિવાકર નામે પ્રસિદ્ધ થયા. નિશીથચૂર્ણી પ્રમાણે શ્રી સિદ્ધસેનસૂરિએ અશ્વરચના પણ કરી હતી. આચાર્ય સિદ્ધસેન દેવપાલ રાજાના ભાવભીના સત્કાર અને સુવિધાઓનો મુક્તપણે ઉપયોગ કરવા લાગ્યા. તેઓ હાથી પર બેસવા લાગ્યા અને શિબિકાનો ઉપયોગ પણ કરવા લાગ્યા. તેમના સાધનાશીલ જીવનમાં શિથિલતા આવવા લાગી. ધર્મસંઘમાં ચર્ચા થવા લાગી કે, સચિત્ત જળ, પુષ્પ, ફળ, અનેષણીય આહારનું ગ્રહણ અને ગૃહસ્થનાં કાર્યોનું અજયણાપૂર્વક સેવન તે સાધુવેશની પ્રત્યક્ષ વિડંબણા છે.

આચાર્ય સિદ્ધસેનની આ શિથિલતાની વાત આચાર્ય વૃદ્ધવાદીના કાને પહોંચી. તેઓ ત્યાંથી એકલા વિહાર કરી, કૂર્માર દેશ પધાર્યા. ત્યાં રાજાની જેમ પાલખીમાં બેસી સેંકડો માણસોથી ઘેરાયેલા શિષ્ય સિદ્ધસેનને જોયા. વેશપરિવર્તન કરી આચાર્ય વૃદ્ધવાદી સિદ્ધસેનની સામે આવ્યા અને બોલ્યા કે—"આપ મોટા વિદ્વાન છો. આપની ખ્યાતિ સાંભળી હું દૂર દેશાંતરથી આવ્યો છું. મારા મનનો સંદેહ આપ દૂર કરો." આ સાંભળી આચાર્ય સિદ્ધસેને અભિમાનથી મસ્તક ઊંચું કરી કહ્યું કે—"તમારે જે પૂછવું હોય તે પૂછો."

આચાર્ય વૃદ્ધવાદી આસપાસ ઊભેલાં લોકો સામે જોઈ ઊંચા સ્વરે બોલ્યા કે—

"अणहुल्लीफुल्ल म तोडहु मन आशमा म मोडहु ।
मणकुसुमेहि अच्चि निरंजणु हिंडह काइं वणेण वणु ।।"



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય સિદ્ધસેને બુદ્ધિ પર ઘણું જોર લગાવ્યું પણ એ શ્લોકનો અર્થ કરી શક્યા નહિ. તેમણે મનોમન વિચાર કર્યો કે આ મારા ગુરુ વૃદ્ધવાદી તો નથી ને? વારંવાર તેમની મુખાકૃતિ જોઈ આચાર્ય સિદ્ધસેને ગુરુ વૃદ્ધવાદીને ઓળખ્યા અને સંકોચ પામ્યા. આચાર્ય વૃદ્ધવાદી બોલ્યા કે—"યોગકલ્પદ્રુમ શ્રમણસાધના યોગકલ્પવૃક્ષ સમાન છે. આ વૃક્ષનાં મૂળ યમ-અને નિયમ છે. ધ્યાન, પ્રકાંડ અને સમતા સ્કંધ છે. કવિત્વ વગેરે પુષ્પ સમાન છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ મધુર ફળ છે. હજી સાધનાજીવન રૂપી કલ્પવૃક્ષ પુષ્પવાળું થયું છે. ફળ આવ્યા પહેલાં પુષ્પોને તોડો નહિ. મહાવ્રત રૂપી છોડવાને ઉખેડી ન નાખો. પ્રસન્ન મને અહંકારરહિત થઈ વીતરાગ પ્રભુની આરાધના કરો. મોહ આદિ વૃક્ષોની ઝાડીથી ગહન વનમાં કેમ ભ્રમણ કરો છો?" આ પ્રમાણે આચાર્યશ્રી વૃદ્ધવાદીએ એ ગાથાના વિવિધ અર્થો કરી શ્રી સિદ્ધસેનસૂરિનાં આંતરચક્ષુ ઉઘાડી નાખ્યાં. તેમણે ગુરુનાં ચરણોમાં પડી ક્ષમા માગી.

અન્ય પ્રમાણોના આધારે આ ઘટના એવી પણ છે કે, કૂર્મારનગરમાં પહોંચી, આચાર્ય વૃદ્ધવાદી પાલખી ઉપાડનાર પુરુષો સાથે પોતાના સ્કંધ પર પાલખી ઉપાડી ચાલવા લાગ્યા. વૃદ્ધાવસ્થાને લીધે તેમના પગ લથડતા હતા અને તેમના તરફ પાલખી નીચે થતી હતી. આચાર્ય સિદ્ધસેનની નજર વયોવૃદ્ધ કૃશ શરીરવાળા વૃદ્ધવાદી પર પડી. તેઓ અભિમાનપૂર્વક બોલ્યા—"**भूरिभारभराक्रान्तः स्कन्ध किं तव बाधति?** (હે વૃદ્ધ! ઘણા ભારથી દબાયેલો તમારો સ્કંધ શું પીડા પામે છે?)" અહીં આચાર્ય સિદ્ધસેને **बाध्** ધાતુ આત્મનેપદ હોવા છતાં પરસ્મૈપદનો પ્રયોગ કર્યો, જે અશુદ્ધ હતો. તે અશુદ્ધ પ્રયોગને પરિમાર્જિત કરી આચાર્ય વૃદ્ધવાદી બોલ્યા કે—"**न तथा बाधते स्कन्धो यथा बाधति बाधते।** (**बाधति** પ્રયોગ કરવાથી મને જેવી પીડા થાય છે તેવી પીડા મારા સ્કંધને થતી નથી.)"

આચાર્ય સિદ્ધસેન જાણી ગયા કે, મારી અશુદ્ધિનો સંકેત કરનાર મારા ગુરુ વૃદ્ધવાદી સિવાય બીજા કોઈ હોઈ શકે નહિ. આથી આચાર્ય સિદ્ધસેન તે જ વખતે શિબિકામાંથી નીચે ઊતરી ગુરુનાં ચરણે પડી ગયા. આચાર્ય વૃદ્ધવાદીએ તેમને પ્રાયશ્ચિત્ત આપી સંયમમાં સ્થિર કર્યા અને પોતાને ગણનાયક તરીકે નીમ્યા. તે પછી અનશન ગ્રહણ કરી આચાર્ય વૃદ્ધવાદી સ્વર્ગવાસ પામ્યા.

એક વખત આચાર્ય સિદ્ધસેનને પ્રાકૃત ભાષામાં રચાયેલા આગમોને સંસ્કૃત ભાષામાં રૂપાન્તર કરવાનો વિચાર આવ્યો. તેમણે આ ભાવના વડીલો પાસે રજૂ કરી. તેઓની ના હોવા છતાં તેમણે 'નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ'ની રચના કરી બતાવી. તેમના આ કૃત્યથી સૌએ પ્રબળ વિરોધ કર્યો. તીર્થંકર અને ગણધરોની અશાતના સમજી તેમને પરાંચિત નામનું મોટું પ્રાયશ્ચિત્ત આપ્યું. સંઘના આ પ્રબળ વિરોધના ફળ રૂપે તેમને બાર વર્ષ સુધી ગણસમુદાયની બહાર રહેવાનો કઠોર દંડ મળ્યો. આ પરાંચિત નામનું પ્રાયશ્ચિત્ત વહન કરવામાં તેમને માટે એક અપવાદ હતો. બાર વર્ષની આ અવધિમાં તેઓ જૈનશાસનની મહાન પ્રભાવના કરે તો દંડની સમયમર્યાદા પહેલાં સંઘમાં સંમિલિત કરવા.

આચાર્ય સિદ્ધસેન સાધુવેશનું પરિવર્તન કરી સાત વર્ષ વિહાર કરતા રહ્યા. તે પછી

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અવંતિમાં આવી વિક્રમાદિત્ય રાજાને પોતાની અદ્ભુત કાવ્યશક્તિથી પ્રભાવિત કર્યો. રાજાએ તેમની અજોડ વિદ્વત્તા અને કાવ્યશક્તિથી પ્રસન્ન થઈને એક કરોડ સોનામહોર સ્વીકારવા વિનંતિ કરી. સૂરિજીએ કહ્યું કે, "અમે તો અકિંચન સાધુ છીએ. અમારે એ ન ખપે." રાજા વિક્રમાદિત્યે આ સાંભળી ખૂબ આનંદ અનુભવ્યો અને સ્થિરતા કરવા વિનંતિ કરી. પરંતુ સૂરિજી મહારાજ સ્થિરતા ન કરતાં વિહાર કરી ગયા.

થોડા સમય પછી શ્રી સિદ્ધસેનસૂરિ અવધૂતવેશે પુનઃ અવંતિમાં પધાર્યા અને મહાકાલેશ્વર મંદિરમાં ગયા. ત્યાં મહાદેવજી પાસે પગ લાંબા કરી સૂઈ ગયા. પ્રાતઃકાળે પૂજારીએ તેમને મંદિરમાં સૂતેલા જોઈ ઉઠાડવાના વિવિધ પ્રયત્નો કર્યા પણ બધા પ્રયત્નો નિષ્ફળ જતાં પૂજારી રાજાને ફરિયાદ કરવા ગયો.

રાજા વિક્રમાદિત્યે આ વાત સાંભળી પોતાના સિપાહીઓને હુકમ કર્યો કે, "જાઓ જલદી જાઓ, એ જોગીને ઉઠાડી મૂકો ને ન ઊઠે તો કોરડા મારીને પણ તેને ઉઠાડીને કાઢી મૂકો." સિપાહીઓએ ત્યાં જઈને સૂરિજીને સમજાવ્યા, ધમકાવ્યા અને છેવટે કોરડા મારવાનું શરૂ કર્યું. પરંતુ બધાનાં આશ્ચર્ય વચ્ચે એક પણ કોરડો સૂરિજીને લાગતો નથી! ઊલટું, રાજાના અંતઃપુરમાં રહેલી રાણીઓને આ કોરડા વાગતા હતા. ત્યાં ચીસાચીસ અને રડારોળ થવા લાગી. આ ખબર મળતાં રાજા વિક્રમાદિત્યે કોરડાનો માર બંધ કરાવી, પોતે મહાકાલેશ્વર મંદિરમાં પહોંચ્યો. તેની સાથેના પ્રશ્નોત્તર રૂપે આચાર્ય સિદ્ધસેનસૂરિ સ્તુતિપૂર્વક 'કલ્યાણ-મંદિર' સ્તોત્રની રચના કરી ગાવા લાગ્યા. સ્તોત્રના અગિયારમા શ્લોકે શિવલિંગમાંથી ધૂમ્રસેર નીકળવા લાગી. પછી દિવ્યજ્યોત પ્રગટી. સોળમા શ્લોકે તેમાંથી મહાચમત્કારી પાર્શ્વજિનબિમ્બ નીકળે છે. એ જોઈને રાજા તથા સૌ કોઈ દંગ થઈ જાય છે! બત્રીસમા શ્લોકે પ્રતિમાજી સ્થિર થયાં. આમ, શ્રી સિદ્ધસેનસૂરિએ 'કલ્યાણમંદિર'ના ૪૪ શ્લોક રચ્યા. આ મહાપ્રભાવક સ્તોત્રનું આજ પણ ઘણા ભાવભેર સ્મરણ અને રટણ થાય છે.

રાજા વિક્રમાદિત્ય આ પ્રભાવક પ્રસંગથી પ્રતિબોધ પામ્યા. પૂર્વે આર્ય સુહસ્તિસૂરિના સમયમાં અવંતિસુકુમાલના પુત્ર મહાકાળે અહીં પાર્શ્વનાથનું જિનમંદિર બંધાવ્યાનો ઇતિહાસ આચાર્ય સિદ્ધસેનસૂરિ દ્વારા જાણી, રાજા વિક્રમાદિત્યે નવું જિનમંદિર બંધાવી તેમાં 'અવંતિ પાર્શ્વનાથ'ની પ્રતિષ્ઠા કરી. વળી, રાજાએ પોતે અને તેના ૧૮ માંડલિક રાજાઓએ પણ જૈનધર્મ અંગીકાર કર્યો. આચાર્ય સિદ્ધસેનને આમ જૈનશાસનની અપૂર્વ પ્રભાવના કરતાં, તેમનાં પ્રાયશ્ચિતનાં બાકી પાંચ વર્ષને ક્ષમ્ય ગણી, શ્રમણસંઘમાં પુનઃ માનભેર સંમિલિત કરવામાં આવ્યા.

**સાહિત્યરચના :** આચાર્ય સિદ્ધસેનસૂરિએ અનેક મૌલિક ગ્રંથો રચ્યા છે. તેઓ જૈન ન્યાયસાહિત્ય આદિના પુરસ્કર્તા હતા. તેમની પહેલાંનો યુગ આગમપ્રધાન હતો. શ્રી ગૌતમ-ઋષિનું 'ન્યાયસૂત્ર' બન્યા પછી ન્યાયશાસ્ત્રની ઉપયોગિતા વધી. આથી જૈનદર્શનનાં તત્ત્વોને તર્કણાની કસોટીમાં કસીને સંસ્કૃતમાં રજૂ કરવાનું પરમ સૌભાગ્ય આ આચાર્યશ્રીને પ્રાપ્ત થયું. પરપક્ષને વાસ્તવિક રીતે બતાવી તેનું શ્રુતિ અને તર્કથી ખંડન અને સત્યનું મંડન; આ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પદ્ધતિએ તેમણે ન્યાયશાસ્ત્રને અદ્ભુત બનાવ્યું. તેમના ગ્રંથો નીચે પ્રમાણે છે :

**(૧) ન્યાયાવતાર** : શ્લોક ૩૨. તેની ઉપર આચાર્ય સિદ્ધર્ષિએ ૨૦૭૩ શ્લોકની ટીકા, આચાર્ય ભદ્રસૂરિએ ૧૦૫૩ શ્લોકનું ટિપ્પણ રચ્યાં છે. આ સિવાય તેનું અંગ્રેજી ભાષાંતર, નોટ્સ અને સરળ ગુજરાતી ભાષાંતર પણ થયાં છે. જૈન ન્યાયનો આ આદિ ગ્રંથ મનાય છે. તેમાં વસ્તુપ્રવાહ ભાગીરથીની જેવો મંદ-મંદ, ધીરગંભીર વહ્યે જાય છે. તેની સંસ્કૃત ભાષા લલિતમધુર છે. **(૨) સમ્મતિતર્ક** : શ્રી સિદ્ધસેનસૂરિનો આ અદ્ભુત અને મહાન ગ્રંથ છે. તેમાં જૈનદર્શનોનાં તત્ત્વોની ન્યાયપૂર્ણ છણાવટ છે. આ ગ્રંથમાં ૩ કાંડો અને ૧૬૭ પ્રાકૃત ગાથાઓ છે. પહેલા કાંડમાં ૫૪ ગાથાઓ છે, જેમાં નયવાદનું વિશદ વર્ણન છે. બીજા કાંડમાં ૪૩ ગાથાઓ છે, જેમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનની સુંદર છણાવટ છે, તેમ જ પ્રત્યક્ષ અને પરોક્ષ જ્ઞાનની વાસ્તવિકતા સમજાવી એની વિશદ ચર્ચા કરી છે. ત્રીજા કાંડમાં ૭૦ ગાથાઓ છે, જેમાં જ્ઞેય તત્ત્વની ચર્ચા કરી સ્યાદ્વાદની સુંદર વિચારણા કરી છે. એમાં સ્યાદ્વાદના અપૂર્વ રહસ્યનો ખજાનો ભર્યો છે. આ ગ્રંથ ઉપર શ્વેતાંબર અને દિગંબર આચાર્યોએ ટીકા રચી છે. એમાં શ્વેતાંબર નૈયાયિક આચાર્ય મલ્લવાદિસૂરિકૃત ૭૦૦ શ્લોકપ્રમાણ ટીકા અને દિગંબર આચાર્ય સુમતિની ટીકા ઉપલબ્ધ નથી. રાજગચ્છીય શ્વેતાંબરાચાર્ય પ્રદ્યુમ્નસૂરિ શિષ્ય તર્કપંચાનન શ્રી અભયદેવસૂરિકૃત તત્ત્વબોધવિધાયિની ટીકા વિદ્યમાન છે, જે પચ્ચીશ હજાર શ્લોકમાં છે. આ ટીકા ભારતીય સાહિત્યનો એક અભૂતપૂર્વ ગ્રંથ છે એમ કહીએ તો ચાલે. **(૩) દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા** : આમાં શ્રી સિદ્ધસેનસૂરિની બત્રીશ બત્રીશીઓનો સમાવેશ થાય છે. અત્યારે આમાં ન્યાયાવતાર સહિત ૨૧ બત્રીશીઓ ઉપલબ્ધ છે. એની રચના ખૂબ ગૂઢ અને ગંભીર અર્થોથી ભરેલી છે. આમાં જૈન, બૌદ્ધ અને વૈદિક સાહિત્યનાં તત્ત્વોની ગૂંથણી છે. આ બત્રીશીઓ પદ્યમાં છે. આચાર્ય હરિભદ્રસૂરિનો ષડ્દર્શનસમુચ્ચય, આચાર્ય હેમચંદ્રસૂરિની અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા તથા પ્રમાણમીમાંસા અને મધ્વાચાર્યના સર્વદર્શન સંગ્રહ વગેરે મૂળ આ બત્રીશીઓમાં છે. **(૪) કલ્યાણમંદિર સ્તોત્ર** : અવંતિ પાર્શ્વનાથના પ્રાગટ્ય માટે આ સ્તોત્રની રચના થઈ હતી, જેમાં ભગવાન પાર્શ્વનાથની સ્તુતિ છે. વસંતતિલકાના ૪૪ સંસ્કૃત શ્લોકો છે. તેની સંસ્કૃત ભાષા મંજુલ, લલિતમધુર, હૃદયંગમ, ભાવવાહી અને ભક્તિપોષક છે.

અન્ય પણ કેટલાક ગ્રંથો આચાર્યશ્રી સિદ્ધસેનસૂરિએ રચ્યા હોય તેમ જણાય છે. અનેક આચાર્યોએ પોતાના ગ્રંથોમાં શ્રી સિદ્ધસેનસૂરિની પ્રશસ્તિ કરતાં તેઓશ્રીને શ્રુતકેવલી તુલ્ય, અદ્વિતીય ગ્રંથકાર, મહા સ્તુતિકાર, સર્વોત્કૃષ્ટ કવિ, સરસ્વતી, કંઠાભરણ, મહાવાદી, સમર્થ પ્રભાવક, આઠમા કવિ પ્રભાવક વગેરે શબ્દોમાં સંબોધ્યા છે.

આચાર્ય સિદ્ધસેનસૂરિ જીવનના સંધ્યાકાળે પ્રતિષ્ઠાનપુર પધાર્યા હતા. અને ત્યાં અનશનપૂર્વક પરમ સમાધિમાં વીરનિર્વાણ સં. ૫૭૦ લગભગમાં સ્વર્ગવાસ પામ્યા હતા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org